**Gujarati Midday Pg 20, 19th Feb 2022**

# કેનેડાની સરકારે ટ્રક-ડ્રાઇવરોને મળતી આર્થિક સહાય બંધ કરવા બીટકોઇનનાં 30 વૉલેટ બ્લૅકલિસ્ટ કર્યાં

## ઇન્ટ્રા ડેમાં ૪૫૦૦ પૉઇન્ટના ઉતાર-ચડાવ બાદ આઇસી૧૫માં ૩૨૫૫ પૉઇન્ટનો ઘટાડો

**રશિયા** અને યુક્રેન વચ્ચેની તંગદિલી ઇક્વિટીની સાથે-સાથે ક્રિપ્ટોકરન્સી માર્કેટ માટે પ્રતિકૂળ પુરવાર થઈ રહી છે, પરંતુ નોંધનીય છે કે રશિયા બાદ હવે યુક્રેને પણ ક્રિપ્ટોકરન્સીને કાનૂની દરજ્જો આપવાનો ખરડો પસાર કર્યો છે.

દરમિયાન, કૅનેડામાં સરકારે ટ્રક-ડ્રાઇવરોને મળતી આર્થિક સહાય બંધ કરાવવાના હેતુસર બીટકૉઇનનાં ૩૦ વૉલેટને બ્લૅકલિસ્ટ કર્યાં છે.

ક્રિપ્ટોકરન્સીને અણધાર્યાં પરિબળોની પણ મદદ મળી રહી છે, છતાં શુક્રવારે ટોચની કરન્સીના ભાવમાં મોટો ઘટાડો થયો હતો.

ટોચની ક્રિપ્ટોકરન્સી - બીટકૉઇન શુક્રવારે સાંજ સુધીના ૨૪ કલાકના ગાળામાં ૪.૯૦ ટકા ઘટીને ૪૦,૪૦૩ ડૉલરની આસપાસ રહ્યો હતો. ઈથેરિયમમાં લગભગ ૪ ટકાના ઘટાડા સાથે ભાવ ૨૮૯૫ ડૉલર થઈ ગયો હતો. કાર્ડાનોમાં ૩.૪૦ ટકા, સોલાનામાં ૩.૫૮ ટકા, અવાલાંશમાં ૫.૨૭ ટકા, ટેરામાં ૭.૩૫ ટકા, ડોઝકૉઇનમાં ૩.૦૯ ટકા અને પોલકાડોટમાં ૨.૪૨ ટકાનો ઘટાડો થયો હતો.



દરમિયાન, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઇસી૧૫ શુક્રવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૩૨૫૫ પૉઇન્ટ (૫.૧૮ ટકા)ના ઘટાડા સાથે ૫૯,૫૮૮ બંધ રહ્યો હતો.

ઈન્ડેક્સ ૬૨,૮૪૩ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૩,૦૩૨ અને નીચામાં ૫૮,૫૪૮ ગયો હતો. આમ, ઈન્ટ્રા ડેમાં લગભગ ૪૫૦૦ પૉઇન્ટનો ઉતાર-ચડાવ જોવા મળ્યો હતો.